રાજયમાં આજે ગણેશ વિસર્જન કરાશે

ગાંધીનગર,તા.૪

દસ દિવસના ગણેશ મહોત્સવ બાદ આવતીકાલે અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ગણેશભકતો દ્વારા ગણેશ વિસર્જન કરવામાં આવશે. દસ દિવસ સુધી પોતપોતાના વિસ્તારમાં વિશાળ પંડાલ-શામિયાણા અને મંડપોમાં પૂજા-વિધી, આરતી અને ભકિત-વંદના કર્યા બાદ હવે આવતીકાલે લાખો શ્રધ્ધાળુઓ અને ગણેશભકતો ભારે હૈયે દાદાની મૂર્તિને વિદાય આપી તેનું વિસર્જન કરશે, ત્યારે ''ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લૌકરિયા''ના નારાઓ ગુંજી ઉઠશે. અમદાવાદ, વડોદરા, સુરત સહિતના શહેરોમાં ગણેશ વિસર્જનને લઇ તંત્ર દ્વારા ખાસ વ્યવસ્થા પણ કરવામાં આવી છે. તો બીજીબાજુ, ટ્રાફિક નિયમન અને સરળતા માટે રૂટ ડાયવર્ટીંગ અને વાહન પ્રતિબંધ અંગેના જાહેરનામા પણ જારી કરાયા છે.

ગણેશ મહોત્સવ દરમ્યાન ગણેશભકતો પોતપોતાની શ્રધ્ધા અને આસ્થા પ્રમાણે દાદાની પૂજા-આરાધના કરી હતી અને એક, બે, પાંચ, નવ અને દસ દિવસ સુધી દાદાની સેવા-પૂજાની માનતા માની હતી. આજે અમદાવાદ શહેર રાજયભરમાં ગણેશ વિસર્જનની વિધિ સંપન્ન કરાઇ હતી.

જો કે, આવતીકાલે ગણેશ મહોત્સવનો છેલ્લો દિવસ છે અને તેથી અમદાવાદ શહેર સહિત રાજયભરમાં ભારે ધામધૂમપૂર્વક અને ઉત્સાહના માહોલ વચ્ચે દાદાની મૂર્તિઓનું વિસર્જન કરવામાં આવશે. ગણેશભકતો દ્વારા આ માટેની ખાસ તૈયારીઓ અને આયોજન કરાયા છે. લાખો શ્રધ્ધાળુભકતો પોતપોતાના વિસ્તારમાંથી દાદાની આકર્ષક અને વિવિધ સ્વરૂપોની મૂર્તિઓ નાની મોટી ટ્રક સહિતના વાહનોમાં લઇ વિસર્જનના સ્થળોએ જશે અને ભકિતભાવ સાથે દાદાની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરશે. વહીવટીતંત્ર દ્વારા દાદાની મૂર્તિઓના વિસર્જનની ખાસ વ્યવસ્થા કરાઇ છે, તો પોલીસતંત્ર દ્વારા સુરક્ષા અને સલામતીનો પૂરતો બંદોબસ્ત તૈનાત કરાયો છે. આવતીકાલે મોડી રાત સુધી અમદાવાદ શહેર સહિત ગણેશ વિસર્જન ચાલશે અને તેને લઇ રાજયભરમાં ગણેશભકિતનો માહોલ ફરી છવાશે.

ગણેશભકતો દાદાને ગણપતિ બાપ્પા મૌરયા, પુઢચ્યા વરસી લૌકરિયા એટલે કે, દાદા આવતા વર્ષે વહેલા પધારજો એમ કહી વિસર્જન કરશે અને આવતા વર્ષે તેમના વહેલા આવવાની રાહ જોશે. દરમ્યાન અમદાવાદના ચીફ ફાયર ઓફિસર એમ.એફ.દસ્તુરે જણાવ્યું હતું કે, અમદાવાદ શહેરમાં તંત્ર દ્વારા ૨૨ જેટલા સ્થળોએ કૃત્રિમ જળાશયો તૈયાર કરી ગણેશ વિસર્જનની વ્યવસ્થા કરાઇ છે. ગણેશ વિસર્જન દરમ્યાન ૨૦૦થી વધુ ફાયરબ્રિગેડના જવાનો લાઇફ સેવીંગ જેકેટ, રસ્સા, બોટ સહિતની તૈયારીઓ સાથે ગણેશભકતોની સેવામાં તૈનાત રહેશે. નાગરિકોને ગણેશ વિસર્જન દરમ્યાન સાવચેતી રાખવા અને ઉંડા પાણીમાં દૂર સુધી નહી જવા તેમણે અપીલ કરી હતી.

રાહુલના ચૂંટણી વચનો

કોંગ્રેસના નાયબ અધ્યક્ષ રાહુલ ગાંધી અમદાવાદના મહેમાન બન્યા હતા. રાહુલ ગાંધીએ રિવરફ્રન્ટ ખાતે ચૂંટણીલક્ષી વચનો આપીને કોંગ્રેસ માટે પ્રચારનું રણશિંગુ ફુંક્યું હતું. રાહુલ ગાંધીએ કેટલાક ચૂંટણીલક્ષી વચન આપ્યા હતા જે નીચે મુજબ છે.

(૧) કોંગ્રેસ સત્તા પર આવશે તો, ખેડૂતોની જમીન અને પાકના રક્ષણનો કાયદો અમલી બનાવશે
(૨) કોંગ્રેસ ખેડૂતોના તેમના પાક નુકસાનીનું પૂરેપૂરું વળતર અને તેમના અધિકારોના રક્ષણની નીતિ અમલી બનાવશે
(૩) કોંગ્રેસ નાના વેપારીઓ અને ઔદ્યોગિક એકમો માટે પ્રોત્સાહક નીતિ લાવશે
(૪) રાજયના લાખો બેરોજગાર યુવાનોને સરકારી અને સ્થાયી નોકરી આપશે
(૫) કોંગ્રેસના શાસનમાં મહિલાઓની સુરક્ષા અને તેમના અધિકારોની જાળવણીને પ્રાધાન્યતા અપાશે
(૬) ભાજપ સરકારના પ્રજાવિરોધી નિર્ણયો રદ કરી વ્યવહારૂ અને પ્રજાના હિતલક્ષી નિર્ણયો અમલી બનાવાશે
(૭) કોંગ્રેસ સત્તા પર આવશે તો, અમે દલિતોને જમીનોના પ્લોટો ફાળવીશું અને તેની નીતિ અમલી બનાવીશું
(૮) રાજયમાં આદિવાસીઓની જમીનોના હક અને અધિકારોની જાળવણી કરી તેઓને જમીન આપીશું
(૯) શિક્ષણમાં ઉઘાડીલૂંટ અને નફાખોરી બંધ કરાવીશું અને સાર્થક શિક્ષણનીતિ અમલી બનાવીશું
(૧૦) કોંગ્રેસના શાસનમાં કોઇપણ સમાજ કે વર્ગને અન્યાય નહી થવા દઇએ, સૌને એકસમાન ન્યાય મળશે

ગાંધીનગર અંબાજી રૂટમાં છેલ્લા બે દિવસ રોજ ૩૫ બસો દોડશે

શહેરી બસ સેવાના ૧૨૦ રૂટોનુ સંચાલન ખોરવાશે : શહેરી બસસેવા પ્રભાવિત થતા અપડાઉન કર્તાઓએ ખાનગી વાહનોનો સહારો લેવો પડશે

ગાંધીનગર તા ૪

ભાદરવી પુનમને અનુલક્ષી પ્રતિવર્ષ ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા ભાવિકો માટે ગાંધીનગરથી અમદાવાદ રૂટમાં વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. છેલ્લા બે દિવસથી ડેપો કક્ષાએથી રોજ ૨૨ બસો અંબાજી રૂટમાં દોડાવામાં આવે છે. જયારે હવે છેલ્લા બે દિવસ રોજ ૩૫ બસો ગાંધીનગરથી અંબાજી રૂટમાં દોડશે. જેના લીધે શહેરી બસ સેવાના ૧૨૦ ટ્રીપોનુ સંચાલન ખોરવાશે.

ભાદરવી પુનમ નજીક આવતા અંબાજી રૂટમાં ભાવિકોની ભીડ વધી રહી છે. જયારે પગપાળા જતા પદયાત્રીઓને અનુલક્ષી નગરમાં ઠેર ઠેર ઉભા કરાયેલા સેવા કેન્દ્રોમાં પણ અગાઉ શ્રધ્ધા ભકિતના અદભુત દ્રશ્યો સર્જાયા હતા. એસ ટી તંત્ર દ્વારા પણ પુનમના મેળાને અનુલક્ષી દરવર્ષે વિશેષ બસ સેવાનુ આયોજન કરવામાં આવે છે. જયારે હાલ ગાંધીનગર ડેપોમાંથી પણ રોજ ખાસ બસ અંબાજી રૂટ તરફ દોડાવામાં આવી રહી છે. અત્યાર સુધી રોજ ૨૨ બસો દોડાવામાં આવી રહી હતી. જયારે હવે ભાદરવી પુનમના આડે હવે માત્ર બે દિવસો બાકી રહેતા ગાંધીનગર ડેપો દ્વારા પણ બસના રૂટ વધારી દેવાયા છે. છેલ્લા બે દિવસ ગાંધીનગર ડેપો દ્વારા રોજ ૩૫ બસો દાડાવાશે. જેથી ભાવિકોને યોગ્ય સમયે ઝડપી વાહન સેવા ઉપલબ્ધ થઇ શકે. જો કે ગાંધીનગર ડેપો દ્વારા અંબાજીના રૂટમાં ભાવિકોને અનુલક્ષી બે દિવસ ૩૫ બસો દોડાવાનો નિર્ણય લેવાતા ગાંધીનગર અમદાવાદ વચ્ચે દોડતી શહેરી બસ સેવા પણ પ્રભાવિત થશે. જેના લીધે શહેરી બસ સેવાનુ ૧૨૦ બસોનુ સંચાલન ખોરવાશે. જયારે ગાંધીનગર અમદાવાદ વચ્ચે અપડાઉન કરતા મુસાફરોને બસ સેવા માટે તકલીફ વેઠવી પડશે. અંબાજી રૂટમાં વિશેષ બસ સેવાના આયોજનના અંતે રોજબરોજ શહેરી બસસેવામાં અપડાઉન કરતા મુસાફરોએ ખાનગી વાહનોનો સહારો લેવો પડશે.

સ્કુલ વર્ધીના વાહનો માટે શાળા કક્ષાએ ટ્રાન્સપોર્ટ કમિટીની રચના કરાશે

સ્કુલ વર્ધીના વાહનોમાં વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને લઇ કમિટી સલામતીના વિવિધ પરિબળો પર નજર રાખશે

ગાંધીનગર તા ૪

ગાંધીનગર જિલ્લાની શાળાઓમાં વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાને લઇ ટ્રાન્સપોર્ટ કમિટીની રચના કરવામાં આવશે. શાળાકક્ષાએજ આ કમિટી બનાવાશે. જેમાં શાળાના આચાર્ય અને શિક્ષકો સહીત સ્ટાફ આ કમિટીની જવાબદારી સ્વીકારશે. નગરની શાળાઓમાં સ્કુલ વાહનોમાં જતા વિદ્યાર્થીઓની માર્ગ સલામતીને સ્પર્શતી બાબતોનુ પણ કમિટી કક્ષાએ મોનીટરીંગ કરવામાં આવશે.

શહેરમાં માર્ગ સલામતીના નામે આમ પણ મીંડુ ચિતરાયેલુ છે. નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર બેફામ જતા વાહનો ગમે ત્યારે જાનલેવા અકસ્માત નોતરે તેવી દહેશત પ્રબળ બની છે. રાજયના અન્ય શહેરોમાં પણ શાળાએ જતા સ્કુલ વર્ધીના વાહનો જોખમી પુરવાર થયા હોવાના અનેક કિસ્સાઓ ધ્યાને આવ્યા છે. ત્યારે ગાંધીનગર જિલ્લામાં પણ વિદ્યાર્થીઓને ઘેંટા બકરાની જેમ ભરીને શાળાએ પહોંચાડતા સ્કુલ વર્ધીના વાહનો સામે આર ટી ઓ તંત્ર દ્વારા દંડનીય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. અગાઉ પણ આ પ્રકારના વાહનોની ચકાસણી હાથ ધરવામાં આવી હતી સ્કુલ વર્ધી વાહન માટે મંજુરી ન લીધી હોય તેવા કિસ્સામાં આર ટીઓ દ્વારા પગલા પણ લેવાયા હતા. જયારે હાલ પણ સ્કુલ વર્ધીના વાહનો સંદર્ભે મંજુરી તેમજ નિતી નિયમોના મામલે આર ટી ઓ તંત્ર દ્વારા સમયાંતરે ઝુંબેશ હાથ ધરી યોગ્ય કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. જયારે સ્કુલ વર્ધીના વાહનામાં સલામતીના પરિબળોને અનુલક્ષી શાળાકક્ષાએ પણ યોગ્ય દેખરેખ રાખી શકાય તે માટે આર ટી ઓ તંત્ર દ્વારા શાળાકક્ષાએ પણ કમિટી બનાવવા માટે જિલ્લા શિક્ષણતંત્રને સુચન કરવામાં આવ્યુ હતુ. જેને અનુલક્ષી આગામી દિવસોમાં શાળાકક્ષાએજ ટ્રાન્સપોર્ટ કમિટી બનાવી શાળાના સ્ટાફને જવાબદારી સોંપવામાં આવશે.જેમાં સ્કુલ વર્ધીમાં શાળાએ આવતા વિદ્યાર્થીઓની સંખ્યા તેમજ અન્ય સલામતીના પરિબળોને અનુલક્ષીને પણ મોનીટરીંગ કરવામાં આવશે.

ભારતીય કિસાન સંઘ દ્વારા જીએસટી સામે વિરોધ કરાશે

કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ જીએસટીના કારણે કૃષિક્ષેત્ર પર કૃષિ ઓજારો પરના જીએસટીના દરોનો વિરોધ કરવાનો અને આ અંગે આગામી ૧૧મી સપ્ટેમ્બરે રાજ્યના તમામ જિલ્લાના જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર આપવાનો કાર્યક્રમ ભારતીય કિસાન સંઘ દ્વારા આપવામાં આવ્યો છે. ભારતીય કિસાન સંઘ દ્વારા ઉત્તર અને મધ્ય ગુજરાત ઝોનના કાર્યકરોની એક બેઠક યોજાઈ હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરવામાં આવેલ જીએસટીના દરોની કૃષિક્ષેત્ર પર થતી અસરોની ચર્ચા કરવામાં આવી હતી. જેમાં ડ્રીપ ઈરીગેશનમાં લાગુ કરેલ ૧૮ ટકા ટ્રેક્ટરોમાં ૧૨ ટકા યાંત્રિક ઓજારો થ્રેસર વિગેરેમાં ૧૨ ટકા તેમજ દવાઓ ઉપર લાગુ કરવામાં આવેલ જીએસટી દરો વધુ હોઈ આ દરોનો વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો હતો. તેમજ જીએસટીનો વિરોધ કરવા આગામી ૧૧મી સપ્ટેમ્બરના રોજ રાજ્યના તમામ જિલ્લામાં જિલ્લા કલેક્ટરોને આવેદનપત્ર આપીને જીએસટીનો વિરોધ કરવાનો કાર્યક્રમ આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

આ ઉપરાંત આવેદનપત્રમાં પાક વિમાની અનેક વિસંગતતાઓ ફરજીયાત વીમો બાકી વિમાની ચૂકવણી પાક નુકશાનીના સર્વેમાં ભેદભાવ વિગેરે અંગે પણ રજૂઆત કરવામાં આવશે. ચીનની ચીજવસ્તુઓનો બહિષ્કાર કરવાનો પણ સંકલ્પ આજની બેઠકમાં આપવામાં આવ્યા છે. જેના અંગે પણ ૧૧મી સપ્ટેમ્બરના દિવસે જીલ્લા મથકોએ ચીનના માલનો પ્રતિકાત્મક વિરોધ કરીને હોળી કરવામાં આવશે. એમ ભા.કિ. સંઘે જણાવ્યું છે.

સાબરકાંઠા-અરવલ્લીમાં ભાદરવામાં મેળાની મોસમ

ભાદરવાના ભાતીગળ મેળાઓના પાવા-ઢોલ ઢબુકે યૌવન હિલોળે ચડે. ભાદરવી પૂનમે અંબાનો મેળો, સાદરાનો જક્ષણી માતાનો, ગિયોડના અંબાજીનો મેળો, રાયગઢના ડુંગરે જાલાનો મેળો, જાદરના મુક્રેશ્વરનો મેળો.

મેળો એટલે ગ્રામવાસીઓનો ધાર્મિક ઉત્સવ ગ્રામજનો મેળામાં વહેલી સવારે નીકળી પડે છે. મેળામાં માનવ મહેરામણ ઉમટે છે. મેળાઓનું ધાર્મિક સ્થળોએ આગવું મહત્વ છે. શ્રદ્ધા સાથે દર્શન કરી મેળાનો લ્વાહો લે છે. સાબરકાંઠા જિલ્લામાં દિવ્યવસંધરા મેળા રમણે ચડે છે. મેઘરાજાએ ખેડૂતોને જીવતદાન આપેલ હોય છે. સાદરાનો જક્ષણીમાનો અને રાયગઢ અડપોદરાનાનો મેળો આમ આદમીનો મેળો છે. કહેવાય છે કે મુળ ક્ષત્રિય ઝાલાનુ અને સાદરા જક્ષણીમાતા સગાભાઈ બહેન છે. ગાયોના રક્ષણકાજે બલિદાન થઈ પાળિયા થઈ ગયા. જે આજે પવિત્ર ધાર્મિક સ્થાન બનેલ છે.

કંપની સમાચાર

ટોપસન એનર્જી લિ.ને ગુણવત્તા અને પયાર્વરણ જાળવણી માટે સર્વશ્રેષ્ઠ કંપનીનો એવોર્ડ

સોલાર ફોટોવોલ્ટીક પેનલની ભારતની અગ્રણી ઉત્પાદક કંપનીઓ પૈકીની એક ટોપસન એનર્જી લિ. ગુજરાતને 'ગુણવત્તા અને પર્યાવરણ જાળવણી' માટે ગુજરાત સરકાર તરફથી સર્વશ્રેષ્ઠ કંપનીનો એવોર્ડ પ્રાપ્ત થયો છે. તાજેતરમાં એમએસએમઈ એવોર્ડ સમારંભમાં કંપનીનાં મેનેજિંગ ડાયરેક્ટર શ્રી ચિંતન પટેલ તથા ડાયરેક્ટર શ્રી ચાણક્યભાઈ પટેલે વર્ષ ૨૦૧૪-૧૫ માટેનો આ એવોર્ડ રાજ્યનાં મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલનાં હસ્તે સ્વીકાર્યો હતો.

મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદનું ઘેલા સોમનાથ હેલીપેડ ખાતે ઉષ્માભર્યું સ્વાગત

ભારતના મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ સૌરાષ્ટ્રના ડેમ નર્મદાના જળથી ભરવા માટેની સૌની યોજનાની લીંક-૪ના બીજા તબક્કાનો રાજકોટ જિલ્લાના ઘેલા સોમનાથ ખાતેથી શિલાન્યાસ કરવા ભારતીય વાયુ સેનાના હેલીકોપ્ટરમાં ઘેલા સોમનાથ સ્થિત હેલીપેડ ખાતે આજે આવી પહોચતાં રાજકોટ જિલ્લાના સંસદસભ્ય મોહનભાઈ કુંડારીયા, જિલ્લા વહિવટી તંત્ર વતી જિલ્લા કલેકટર ડૉ. વિક્રાંત પાંડે તથા જિલ્લા પોલીસ અધિક્ષક અંતરિપ સુદે ઉષ્માભર્યુ સ્વાગત કરી આવકાર્યા હતા. રાષ્ટ્રપતિશ્રી સાથે ગુજરાત રાજયના ગવર્નર શ્રી ઓમપ્રકાશ કોહલી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલ પણ ઘેલા સોમનાથ પધાર્યા હતા. રાજકોટ રેન્જના સ્પેશિયલ આઇ.જી.પી ડી.એન. પટેલ, ગોંડલ એસ.ડી.એમ. ડી.એ. ઝાલા તથા વાય.પી. પાઠક દ્વારા પુષ્પગુચ્છ અર્પણ કરી મહાનુભાવોનું સ્વાગત કરાયું હતું.

રાજદ્વારી જીત

● અનુસંધાન પહેલાનું ચાલુ

વખત જૈશે મોહમ્મદના લીડર મસૂદ અઝહર ઉપર સંયુક્ત રાષ્ટ્ર દ્વારા પ્રતિબંધ મુકવા આડે અડચણો ઉભી કરી છે. ભારત ત્રાસવાદના મુદ્દા ઉપર ચીનને સાથે જોડવામાં સફળ રહ્યું છે. મોદી સરકારની આને મોટી જીત તરીકે ગણવામાં આવે છે. શાયમેન ડિક્લેરેશનમાં લખવામાં આવ્યું છે કે, અમે બ્રિક્સ દેશો સમગ્ર દુનિયામાં થયેલા ત્રાસવાદી હુમલાની નિંદા કરીએ છીએ. અમે તમામ પ્રકારના ત્રાસવાદની નિંદા કરીએ છીએ. કોઇપણ જગ્યાએ હુમલા થયા હોય અમે નિંદા કરીએ છીએ. આની તરફેણમાં કોઇ તર્ક આપી શકાય નહીં. અમે ક્ષેત્રમાં સુરક્ષાની સ્થિતિ, તાલિબાન, આઇએસ, અલકાયદા, તેમના સાથી સંગઠનો, હક્કાની નેટવર્ક, લશ્કરે તોઇબા, જૈશે મોહમ્મદ, તહેરિકે તાલિબાન, હિઝબુલ મુઝાહીદીન દ્વારા ફેલાવવામાં આવેલી હિંસાની નિંદા કરીએ છીએ. ઘોષણાપત્રમાં લખવામાં આવ્યું છે કે, આતંકવાદની સામે લડાઈમાં અમે આ બાબત ઉપર ભાર મુકી રહ્યા છીએ કે, આંતરરાષ્ટ્રીય સહકાર વધારવાની જરૂર છે. આ કામ આંતરરાષ્ટ્રીય કાયદા હેઠળ થાય તે જરૂરી છે. આમા સાર્વભૌમત્વનું ધ્યાન રાખવું પડશે. આંતરિક મામલાઓમાં દરમિયાનગીરી કરવી જોઇએ નહીં. ત્રાસવાદ સામેની લડાઈમાં અમે એક સાથે છીએ. સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં આંતરરાષ્ટ્રીય આતંકવાદની સામે એક વ્યાપક સમજૂતિને સ્વીકાર કરવામાં આવે તેના પ્રયાસ ઝડપી બનવા જોઇએ. ચીને આ વર્ષે જૂન મહિનામાં જૈશનો લીડર ઉપર સંયુક્ત રાષ્ટ્રમાં કાર્યવાહીનો વિરોધ કર્યો હતો. ચીને એ વખતે દલીલ કરી હતી કે, જૈશના લીડરની સામે પગલા લેવા માટે પુરતા પુરાવા નથી. બીજી બાજુ ભારતે કહ્યું હતું કે, તે અઝહર ઉપર પ્રતિબંધ મુકવા માટે નક્કર પુરાવા રજૂ કરી ચુક્યું છે જેમાં પાકિસ્તાન સ્થિત ત્રાસવાદી ગતિવિધિની વિગતો પણ છે. બેજિંગે પઠાણકોટ ત્રાસવાદી હુમલામાં અઝહરની ભૂમિકા માટે તેને ત્રાસવાદી જાહેર કરવાના અમેરિકા અને અન્ય દેશોના પ્રયાસો સામે વાંધો ઉઠાવ્યો હતો.

રાઈટ્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

છીએ આઇપીએલ એક ખુબ મોટી અને શક્તિશાળી પ્રોપર્ટી બની રહી છે. તેમને લાગે છે કે ક્રિકેટ ચાહકો માટે ડિજિટસ અને ટીવીના ક્ષેત્રમાં કેટલાક પગલા લઇ શકાય છે. અમે ક્રિકેટની શક્તિ મારફતે દેશમાં રમતના વિકાસની ખાતરી કરવા માટે તૈયાર છીએ. વર્ષ ૨૦૦૮માં સોની પિકચર્સે ૮૨૦૦ કરોડમાં ૧૦ વર્ષ માટે આઇપીએલના મીડિયા અધિકાર ખરીદી લીધા હતા. વર્ષ ૨૦૧૫માં આઈપીએલના ગ્લોબલ ડિજિટલ અધિકારોને ૩૦૨.૨ કરોડમાં ત્રણ વર્ષ માટે નોવી ડિજિટલને આપીદેવામાં આવ્યા હતા. આઇપીએલ હવે એક શક્તિશાળી પ્રોપર્ટી બની ચુકી છે. લંચના ઇન્ટરવેલ માટે જાહેરાત કરવામાં આવે તે પહેલા આ અધિકારો મેળવી લીધા હતા. ટીવી અધિકારો માટે સ્ટાર અને સોની પિક્ચર્સ નેટવર્ક મજબૂત દાવેદાર હતા જ્યારે ડિજિટલ અધિકારો માટે ટાઇમ્સ ઇન્ટરનેટ, રિલાયન્સ જીઓ, એરટેલ અને ફેસબુસ મજબૂત દાવેદાર તરીકે ઉભરી આવ્યા હતા.

હાથ મિલાવ્યા

● અનુસંધાન પહેલાનું ચાલુ

ભુલી જવા માંગીએ છીએ. શી જિંગપિંગે રવિવારના દિવસે બ્રિક્સ બિઝનેસ ફોરમનું ઉદ્ઘાટન કર્યું હતું જેને સંબોધતા જિંગપિંગે કહ્યું હતું કે, લોકો સંઘર્ષ નહીં શાંતિ ઇચ્છે છે. આંતરરાષ્ટ્રીય સળગતા મુદ્દાઓને ઉકેલવાની જરૂર છે. જિંગપિંગે કહ્યું હતું કે, બ્રિક્સ દેશો આંતરરાષ્ટ્રીય સુરક્ષામાં યોગદાન આપનાર વૈશ્વિક શાંતિને લઇને પ્રતિબદ્ધ છે. મોદી અને જિંગપિંગે હાથ મિલાવ્યા બાદ હવે ચર્ચા એવી પણ છે કે, બંને દેશો વધુ નજીક ક્યારે આવશે. બંને દેશો વચ્ચે ખેંચતાણ માટે ઘણા કારણો રહેલા છે જેમાં ત્રાસવાદના મુદ્દા ઉપર ચીન દ્વારા પાકિસ્તાનને ટેકો આપવાની બાબતનો સમાવેશ થાય છે.

મોતથી ચકચાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

અહેવાલમાં કહેવામાં આવ્યુ છે કે આ વર્ષે જાન્યુઆરીમાં ૧૫૨ બાળકોના મોત થયા હતા. બીઆરડી હોસ્પિટલમાં માત્ર સપ્ટેમ્બરના પ્રથમ બે દિવસમાં ૩૨ મોત થયા છે. હજુ સુધી મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ૧૩૧૭ના મોત થઇ ચુક્યા છે. યોગી સરકારે સમગ્ર મામલે ફરી તપાસ હાથ ધરી છે. કેટલીક નક્કર વિગત સપાટી પર આવી શકે છે. યોગી સરકારની વિરોધ પક્ષો ટિકા કરી રહ્યા છે. આ વર્ષે ગોરખપુરમાં બાબા રાઘવદાસ મેડિકલ કોલેજ હોસ્પિટલમાં ઓક્સિજનની કમીના લીધે મોટી સંખ્યામાં બાળકોના મોત થયા હતા.

યુરોપની ટિકિટો

● અનુસંધાન પહેલાનું ચાલુ

વિમાની સેવા યુરોપના શહેર સુધી શરૂ કરાશે. જેમાં કોપેનહેગન, વિયેના, કેરો, માનચેસ્ટરનો સમાવેશ થાય છે.

સ્કુટ તરફથી મુંબઈ-કોપેનહેગન ફ્લાઇટ માત્ર ૧૨૦૦૦ રૂપિયામાં ઉપલબ્ધ કરવામાં આવી શકે છે. આમાં યાત્રીને ૨૦ કિલો સુધી ચીજવસ્તુઓ લઇ જવા માટેની સુવિધા આપવામાં આવનાર છે. યુરોપની રિટર્ન ટિકિટ ૨૬૦૦૦ રૂપિયામાં હોઇ શકે છે. હાલમાં ભારત અને યુરોપ વચ્ચે ભાડુ ૪૫૦૦૦ રૂપિયા છે.

કોંગ્રેસને જીતતા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ભરતસિંહ સોલંકી સહિતના નેતાઓએ તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ત્યાંથી તેઓ સીધા સાબરમતી રિવરફ્રન્ટ જવા રવાના થયા હતા. સાબરમતી રિવરફ્રન્ટ પર રાજયભરમાંથી કોંગ્રેસના હજારો કાર્યકર્તાઓ, પ્રોફેશનલ્સ, વેપારીઓ, ખેડૂતો, મહિલાઓ અને યુવાઓ ખૂબ મોટી સંખ્યામાં ઉમટયા હતા. રિવરફ્રન્ટ પર કાર્યકરો અને વિવિધ પ્રોફેશનલ્સ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના સીધા સંવાદમાં રાહુલ ગાંધીએ ભારે આત્મવિશ્વાસ સાથે પ્રત્યુત્તરો આપ્યા હતા. જેમાં મોદી સરકાર અને ભાજપ પર સણસણતા ચાબખા પણ વરસાવી દીધા હતા. રાહુલ ગાંધીએ જણાવ્યું કે, ગુજરાતના ખેડૂતોના માથે રૂ.૩૬હજાર કરોડનું દેવું છે અને તેનાથી બમણી રકમની એટલે કે, રૂ.૬૦ હજાર કરોડની જમીન પાણીના ભાવે ફાળવી દીધી પરંતુ આટલા રૂપિયાના રાજયના નાના અને મધ્યમ ઉદ્યોગગૃહો અને વેપારીઓને આપ્યા હોત તો કેટલા લોકોને રોજગારી મળી હોત. ચાઇનાનો મુકાબલો ભારતના નાના અને મધ્યમ કદના ઉદ્યોગગૃહો કરી શકે છે. તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર સીધા પ્રહાર કરતાં જણાવ્યું કે, તા.૮ નવેમ્બર, ૨૦૧૬એ વડાપ્રધાન મોદીને વિચાર સૂઝયો અને તેમને રૂ.૫૦૦ અને રૂ.૧૦૦૦ની નોટો ના ગમી અને તેમણે નાણાંમંત્રી કે આરબીઆઇના ગવર્નર સહિતના કોઇપણ સત્તાધીશોને જાણ કર્યા વિના પોતે વડાપ્રધાન હતા એટલે, આપખુદશાહીથી આ નોટો ચલણમાંથી રદ કરી દીધી. મોદીને મનની વાત કહેવી ગમે છે પરંતુ કોઇના મનની વાત સાંભળવી ગમતી નથી. મોદી સરકાર સરમુખત્યાર અને મીડિયાનો અવાજ દબાવતી સરકાર છે. જીડીપી ભયંકર હદે ઘટવાનું કારણ પણ નોટબંધી જ છે. નોટબંધીના નિર્ણયથી નાના વેપારીઓ, નોકરીયાત વર્ગ, ખેડૂતો સહિતના દેશના કરોડો લોકોને ભયંકર આઘાત પહોંચ્યો છે.

વોચ રહેશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોવા મળી રહી હોવાનુ ચિત્ર સ્પષ્ટ થયુ છે. સ્થાનિક રહીશો દ્વારા ગમે ત્યારે કચરો ઠાલવી ગંદકી કરવામાં આવી રહી હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. આવ સંજોગોમાં સલામતીના મુદ્દે પણ ગુડાએ આગોતરુ આયોજન કરવા વિચારણા હાથ ધરી છે .ગુડાની આવાસ યોજનાના સ્થળે સી સી ટી વી કેમેરા લગાવાનો નિર્ણય લેવાયો છે. જેમાં હાલની સ્થિતિએ રાયસણ , ચિલોડા ,અડાલજ તેમજ કુડાસણ સહીની આવાસ યોજનાને અનુલક્ષી સી સી ટી વી કેમેરા લગાવવા માટે આયોજન કરવામાં આવી રહયુ છે. જેના લીધે સી સી ટી વી કેમેરાની વોચ સ્થળ પર ગોઠવાતા સ્વચ્છતા અને સુરક્ષાના મામલે પણ યોગ્ય મોનીટીરીંગ કરી શકાશે. જયારે સી સી ટી વી કેમેરાના ફુટેજનુ ગુડાની કચેરીમાંથી સીધુ નિરિક્ષણ કરવામાં આવશે. ગુડાના ચેરમેન આશિષ દવેના જણાંવ્યા મુજબ હાલ પ્રાથમિક તબક્કે તૈયાર આવાસ યોજનાને સી સી ટી વી કેમેરા હેઠળ આવરી લેવાશે. પ્રત્યેક યોજનામાં કેમેરા લગાવી દેવાશે. એલ આઇ જી તેમજ એમ આઇ જી આવાસોને અનુલક્ષી કુલ ૨૦૦ કેમેરા લગાવાશે તેમ પણ જણાંવાયુ છે. જયારે આગામી દિવસોમાં કુડાસણ ખાતે તૈયાર થનારી આવાસ યોજના એમ આઇ જી વન અને ટુ ને અનુલક્ષીને પણ સી સી ટી વી કેમેરા લગાવામાં આવશે.

હા, સાહેબ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોઈ દૂધે ધોયેલા નથી..! કો'કનું છાપામાં આવે છે... અને કોઈકનું છાપરે આવે છે..!! ખબર નહી કોણ ક્યાં અટકશે..? કોણ કોને અટકાવશે..? કોણ કોને સારૂ કહેવડાવશે..?!''

''એટલે આપણે તો રાહ જ જોવાનીને..!?!''

''સાહેબ.... જેને જે કરવું હોય તે કરે... પણ આપણે પ્રજા તરીકે સાચા ખોટાનો કે સારા ખરાબનો ભેદ પારખતા શીખવું પડશે... ખરાબી તો છે જ રાજકારણમાં... પણ ઓછી ખરાબી પસંદ કરી વધુ નુકશાનને ટાળવું એમાં જ શાણપણ છે..!!''

- નિમિત્ત માત્ર

અદબ પલાંઠી...

● ૪ પાનાનું ચાલુ...

શિક્ષક વિદ્યાર્થીઓને સાંવેગિક અને બૌધ્ધિક રીતે સમજવામાં શકિતમાન હોય છે. વર્ગખંડની એકધારી પ્રવૃત્તિથી કંટાળેલો વિદ્યાર્થી પ્રસન્ન શિક્ષકને જોઈને અતિપ્રસન્ન થતો હોય છે.

હાસ્ય વડે શિક્ષક વર્ગને જીવંત બનાવે છે. અને વર્ગનું વાતાવરણ હળવાશભર્યુ બનાવી શકે છે. હાસ્ય નિષ્પન્ન કરવાની લ્હાયમાં કોઈ વિદ્યાર્થીનું અપમાન ન થઈ જાય તેની શિક્ષકે કાળજી અચૂક રાખવી ઘટે.ભણાવી નાખનારા શિક્ષક કરતાં વિદ્યાર્થીઓને પ્રેમ કરનારા શિક્ષક વધુ ગમતાં હોય છે. પરસ્પરનો સ્નેહ